# Telephone Conversation between PM and President of the State of Palestine

April 14, 2020

## વડાપ્રધાન અને પેલેસ્ટાઈનનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 14, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પેલેસ્ટાઈનનાં રાષ્ટ્રપતિ મહામહિમ મહમુદ અબ્બાસ સાથે ટેલીફોન પર વાત કરી હતી.

વડાપ્રધાને આવનારા પવિત્ર રમઝાન મહિના માટે રાષ્ટ્રપતિ અને પેલેસ્ટાઈનનાં લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

બન્ને નેતાઓએ ચાલું કોવિડ-19 મહામારી દ્વારા ઉભા થયેલા પડકારો પર ચર્ચા કરી હતી અને આ પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા તેઓનાં સંબંધિત દેશોમાં લેવામાં આવી રહેલા પગલાઓથી એકબીજાને માહિતગાર કર્યા હતા.

વડાપ્રધાને પેલેસ્ટાઈનની વસ્તીનું આ વાઈરસથી રક્ષણ કરવા પેલેસ્ટાઈનની સત્તાધિકારીતાઓ દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી, અને આ પ્રયાસો માટે ભારત તરફથી તમામ સંભવિત સહકારની ખાતરી આપી હતી.

બન્ને નેતાઓ આ પડકારજનક સમયમાં સહકારની શૃંખલાઓ શોધી કાઢવા માટે સુયોગ્ય સ્તર પર સંપર્કમાં રહેવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**એપ્રિલ 14, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.